# મહિલાઓએ ગણતરીપૂર્વકના જોખમો લેવાનું શીખવું પડશે: રેખા શર્મા

**ઇડીઆઇ ખાતે વિમેન ઇન આંતરપ્રિન્યોરશિપ કોક્લેવનું ઉદઘાટન કરતાં રાષ્ટ્રીય મહિલા પંચના ચેરપર્સન રેખા શર્માએ મહિલાઓને સફળ ઉદ્યોગસાહસિકો બનવા આપી સલાહ**

ગાંધીનગર, તા. ૦૬

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવા આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ખાતે તા.૬ માર્ચ, ૨૦૨૩ના રોજ એના કેમ્પસમાં 'વિમેન ઈન લીડરશિપ કોક્લેવ'નું આયોજન કર્યું હતું. આ કોક્લેવનું ઉદ્‌ઘટાન મુખ્ય અતિથિ તરીકે રાષ્ટ્રીય મહિલા પંચના ચેરપર્સન રેખા શર્માએ કર્યું




હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સટીઝના સેક્રેટરી જનરલ ડો. પંકજ મિત્તલ, ગુજરાત સરકારના નાણાં વિભાગ - આર્થિક બાબતોના પ્રિન્સિપલ સેક્રેટરી મોના ખંધાર, એચએસબીસી ઈન્ડિયાના કોર્પોરેટ સસ્ટેઇનેબિલિટીના વાઈસ પ્રેસિડન્ટ રોમિત સેન અને ફિક્કી એફએલઓના ચેરપર્સન ડો. રચના ગેમાવત તથા ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા ઉપસ્થિત રહ્યાં હતાં. મહિલા ઉદ્યોગસાહસિકો, વિદ્યાર્થીઓ અને શિક્ષાવિદો તેમજ વિવિધ ક્ષેત્રોમાંથી નિષ્ણાતોને સંબોધન કરતાં રેખા શર્માએ તેમના ઉદ્‌ઘાટન સંબોધનમાં કહ્યું હતું કે, ''સમાજમાં મહિલાઓની સામાજિક અને આર્થિક સ્થિતિને સુધારવા જાગૃતિ લાવવાની જરૂર છે, જેમાં શિક્ષણ, તાલીમ અને સાથસહકાર કે મદદ પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવાનની જરૂર છે. આપણે ગણતરીપૂર્વકના જોખમો લેવા મહિલાઓને પ્રોત્સાહન આપીને આ હાંસલ કરી શકીએ, તેમને આર્થિક રીતે પગભર બનાવી શકીએ." ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, ''જ્યારે મહિલાઓને તેમની રચનાત્મકતા અને નવીનતાને ખીલાવવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે, ત્યારે અર્થતંત્ર સંતુલિત વૃદ્ધિ અનુભવી શકે છે. આ જોવું સારી બાબત છે કે, ન્યૂ ઈન્ડિયા નવીન યોજનાઓ અને નેટવર્કિંગની તકો મારફતે મહિલાઓને સફળ પ્લેટફોર્મ પ્રદાન કરી રહ્યું છે. ઉદ્યોગસાહસિકતા અને કૌશલ્ય વિકાસ પર કેન્દ્રિત પોતાના વિવિધ કાર્યક્રમો અને પ્રોજેક્ટ્સ મારફતે ઈડીઆઈઆઈ મહિલાઓની માલિકીના ઉદ્યોગસાહસોમાં વધારો કરવા આતુર છે." ડો. પંકજ મિત્તલે કહ્યું હતું કે, ''મહિલાઓ મોટાં સ્વપ્નો લઈને બહાર નીકળે છે, પરંતુ જેમ જેમ તેઓ ટોચના મુકામ તરફ આગળ વધે છે, તેમ તેમ તેમની ભાગીદારીઓને પ્રતિનિધિત્વમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. સમાજને મહિલાઓને એક જ પ્રકારની પ્રવૃત્તિઓમાં સક્રિય રાખવાનું બંધ કરવાની પણ જરૂર છે અને તેમને વધારે મોટી, સંપૂર્ણપણે નવી ભૂમિકાઓમાં વધારે ઉત્સાહભેર આવકારવાની જરૂર છે. મોના ખંધારે કહ્યું હતું કે, ''ગુજરાત એમએસએમઈ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ કામગીરી ધરાવે છે અને આ ક્ષેત્રમાં મહિલાઓ ચાવીરૂપ ભૂમિકા ભજવી રહી છે. વળી મહિલાઓને ઉદ્યોગસાહસિકો બનવા માટે કેટલીક પ્રોત્સાહક સરકારી યોજનાઓ અને સબસિડીઓ પણ ઉપલબ્ધ છે. વિવિધ ક્ષેત્રોમાં મહિલા-સંચાલિત સ્ટાર્ટઅપ્સની રચના થઈ રહી છે." ઉદ્‌ઘાટન પછી મહિલા સશક્તિકરણ અને ઉદ્યોગસાહસિકતા માટે ઈકોસિસ્ટમમાં રહેલી સમસ્યાઓની સમજણ મેળવવા તથા આ સમસ્યાઓનું સમાધાન કરવાની રીતો પર ચર્ચા કરવા જાણીતા પેનલિસ્ટો સાથે એક પેનલ ચર્ચા યોજાઈ હતી. આ કોક્લેવના ભાગરૂપે ઈડીઆઈઆઈએ તાલીમ આપેલી મહિલા ઉદ્યોગસાહસિકો દ્વારા એક પ્રદર્શનનું આયોજન પણ થયું હતું.



નારદીપુર ગ્રામ સેવા મંદિરમાં વિદ્યાર્થી મિત્ર મંડળ દ્વારા સ્નેહમિલન નું આયોજન કરવામાં આવ્યું હતુ.

# ગાંધીનગરમાં જવલ્લે જોવા મળતો "ફુરસો" સાપ રેસક્યુ કરાયો

**સો-સ્કેલ્ડ વાઇપર તરીકે ઓળખાતો ફુરસો સામાન્ય રીતે રેતાળ પ્રદેશમાં વધુ રહે છે : સૌથી વધુ દંશ દેતો સાપ ગણાય છે : બોરીજથી રેસ્ક્યુ કરાયો**

ગાંધીનગર, તા. ૦૬

મોટે ભાગે રેતાળ, રણ પ્રદેશ અને સુક્કાં ખડકોવાળા પ્રદેશમાં જોવા મળતો અને ગાંધીનગરમાં જવલ્લેજ જોવા મળતો દુર્લભ સૉ-સ્કેલ્ડ વાઈપર એટલે કે "ફુરસો" સાપ રવિવારે રાત્રે શહેરના બોરીજ ખાતેથી રેસ્ક્યુ કરાયો હતો. આ રેસક્યુ ઓપરેશન ગાંધીનગરના જાણીતા સ્નેક રેસ્કયુઅર અમિત ગોંડ દ્વારા પાર પાડવામાં આવ્યું હતુ અને સાપને યોગ્ય સ્થળે સહીસલામત રીતે છોડી દેવાયો હતો. સ્નેક રેસ્કયુઅર અમિત ગોંડના જણાવ્યાં અનુસાર "ફુરસો" એટલે કે સૉ-સ્કેલ્ડ વાઈપર નામના આ સાપનું નાનું અમથું શરીર હોય છે, પણ પ્રમાણમાં જાડું અને મજબૂત હોય છે. પીળો બદામી, ઈંટાડીયો બદામી કે ભૂખરો, માટી રંગનો વાન હોય છે. જોકે અલગ અલગ જગ્યાએ તે વિવિધ રંગ તથા ચિતરામણમાં જોવા મળે છે. માથું



ત્રિકોણ, ગળા કરતાં ખાસ્સું મોટું હોય છે અને તેના ઉપર સફેદ રંગના ભાલાની ફણા જેવું નિશાન હોય છે, તેની પૂંછડી ખૂબ જ ટૂંકી હોય છે. પીઠ પરનાં ભીંગડાં શરીરની મધ્યમાં ૨૯ની હરોળમાં, મહત્તમ હોય છે. જે ખૂબ જ બરછટ હોય છે. મુખ્યત્વે નિશાચર સાપ છે. ગુજરાતમાં બધે જ જોવા મળે છે. પરંતુ તેને ખુલ્લાં, સૂકકાં, ખડકોવાળા અને રેતાળ પ્રદેશો વધુ ગમે છે. "ફુરસો" ખૂબ નાનો સાપ હોવા છતાં અને ઝેરની માત્રા પણ ઓછી ઠાલવતો હોવા છતાં, તેના ઝેરની તીવ્રતાને લઈને આ સાપનો દંશ ખૂબ ઘાતક બને છે. ભારતમાં જે ચાર પ્રકારના ઝેરી સાપ મુખ્ય ઘાતક છે તેમાં આ સાપના દંશ થકી સહુથી વધુ વ્યક્તિઓ મરે છે કેમકે તે સર્વવ્યાપ્ત હોઈ દંશ પણ વધુ થાય છે. ઘણા કિસ્સામાં તેના દંશ થકી માણસ તાત્કાલિક નથી મરતો ૨૪ કલાકથી ૨૦ દિવસ સુધીમાં મૃત્યુ પામે છે. જો યોગ્ય સારવાર મળે તો મોટા ભાગના કિસ્સામાં દરદી બચી જાય છે. આ સાપના દંશની યોગ્ય સારવાર ન મળે તો ધનુર થવાની સંભાવના રહે છે."




યાત્રાધામ અંબાજી ખાતે પરંપરાગત મોહનથાળના પ્રસાદને બંધ કરવાના નિર્ણય સામે વિરોધનો વંટોળ ઉભો થયો છે. આ મામલે રાજકારણ પણ ગરમાતુ જાય છે. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની જૂના સચિવાલય સ્થિત કચેરીએ વિરોધ કરવા માટે કોંગ્રેસના નેતાઓ અને આગેવાનો પહોંચ્યા હતા. આ મામલે બોર્ડને રજૂઆત કરવામાં આવી છે.

## ગાધીનગર રાવત સમાજ સંગઠન આયોજીત વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમ



સમાજ માં શૈક્ષણિક ક્રાંતિ ના ભાગરૂપે ગાંધીનગર રાવત સમાજ સંગઠન દ્વારા ગાંધીનગર ખાતે કે. ડી. રાવત. ( નિવૃત નાયબ સચિવ, નર્મદા જળ સંપત્તિ, ગુજરાત સરકાર ) ના જન્મ જયંતિ દિવસ નિમિત્તે રાવત સમાજ માઁ શિક્ષણ ની બાબતે માહિતી માર્ગદર્શન પૂરું પાડનાર ભરતકુમાર રાવત, શિક્ષક, જવાહર નવોદય વિદ્યાલય, અમદાવાદ તરફ થી વિધાર્થીઓને શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમા પધારેલા પુર્વ ધારાસભ્ય અને અત્યારે કોલ ઈન્ડિયા ના ડાયરેકટર પુનમભાઈ મકવાણા દ્વારા બાળકોને શિક્ષણના મહત્વ વિશે સમજ આપવામાં આવી હતી. ગાંધીનગર રાવત સમાજ સંગઠન ના પ્રમુખ વિઠ્ઠલભાઈ રાવત, મહામંત્રી નીતીનભાઈ રાવત, ઓડિટર નરેન્દ્રભાઈ, ઉપપ્રમુખ ચીમનલાલ રાવત, હરેશભાઈ રાવત તથા સંસ્થાના આગેવાનો સમાજ આગેવાનો વિધાથીઓ તથા વાલીઓની હાજરીમાં ચોપડા વિતરણ કાર્યક્રમમાં મોટી સંખ્યા હાજર રહ્યા હતા. આ સંસ્થા અને વાલીઓએ ભરતભાઈ રાવત અને એમના પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.

# એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં 'ફેન્સી ડ્રેસ એક્ટિવિટી' યોજાઇ ગઇ



ગાંધીનગર, તા. ૦૬

શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં 'ફેન્સી ડ્રેસ એક્ટિવિટી' યોજાઇ ગઈ, જ્યાં નર્સરી, જુનિયર કે. જી. અને સિનિયર કે. જી. ના બાળકો ત્રિશુળ-ડમરું ધારણ કરેલ ભોલેનાથ, વિઘ્નહર્તા ગણેશજી, વીણા સાથે કૃષ્ણભક્ત મીરાબાઈ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ, ગુરુ દ્રોણ, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, માનનીય સરદાર વલ્લભભાઈ પટેલ, નરેન્દ્રભાઈ મોદી, કાયદાના રક્ષક પોલીસ, ડોક્ટર, દુલ્હો, દુલ્હન, એડવોકેટ, માસ્ટર શેફ, ટ્રાફિક સિગ્નલ, ફાર્મર, આઈ.એ.એસ. ઓફિસર, ટીચર, એર હૉસ્ટેસ, મિસ એસ.વી.સ્કૂલ, બ્યુટિશીયન, મહારાષ્ટ્રીયન સન્નારી, આસમાનની પરી, સ્પાઈડરમેન, શકુંતલા વગેરે જેવા પાત્રને અનુરૂપ વિવિધ પ્રકારના વસ્ત્રો પરિધાન કરીને શાળામાં આવ્યા હતા તથા પાત્રને અનુરૂપ સ્પીચ પણ આપી હતી. શાળા પરિવારે આ અદભૂત પર્ફોમન્સનો તમામ શ્રેય બાળકો અને વાલિમિત્રોને આપી, તેમનો આભાર વ્યકત કર્યો હતો. બાળકોમાં સ્ટેજ ફિયર દૂર થાય, તેમની વાણીનો વિકાસ થાય અને તેમનામાં રહેલી પ્રતિભા બહાર આવે, તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.




ધોળેશ્વર મહાદેવ ખાતે અખિલ ભારતીય પ્રજાપતિ સંઘની કાર્યકારિણી મિટિંગ મળી જેના સફળ સંચાલન બદલ પોપટલાલ પ્રજાપતિનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

# ખાખી સાથે ખેલમાં કમાલ દર્શાવતા કોન્સ્ટેબલ મિતલબા પરમાર

**મિતલબાએ ગુજરાત પોલીસ વતી રેસલીંગ, પાવરલીફટીંગ, આર્મ રેસલીંગમાં વિવિધ કક્ષાએ ૨૯ મેડલ્સ મેળવ્યાં : રેસલીંગ ક્ષેત્રે એકમાત્ર મહિલા રેસલર તરીકે એવોર્ડથી સન્માનિત**





ગાંધીનગર, તા. ૦૬

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી થઈ રહી છે અને પાટનગરમાં એવી પણ મહિલાઓ છે જે પોતાની નોકરી સાથે સાથે ઈતર પ્રવૃતિઓમાં પણ વિશેષ યોગદાન આપીને પોતાની પ્રતિભા ઝળકાવી રહી છે. ગાંધીનગર જીલ્લા પોલીસમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલ તરીકે ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરજ બજાવતી શ્રીમતી મિતલબા કાન્તીલાલ પરમારે ખાખી વર્દી સાથે ખેલ જગતમાં પણ પોતાનું સ્થાન જમાવ્યું છે. મિતલબાએ ગુજરાત પોલીસ વતી રેસલીંગ, પાવરલીફટીંગ, આર્મ રેસલીંગમાં રાજયકક્ષા તથા નેશનલ કક્ષાએ ભાગ લઈ અત્યાર સુધીમાં કુલ ૨૯ મેડલ મેળવ્યાં છે.

મિતલબા પરમારે વિવિધ રમતોમાં રાષ્ટ્રીય સ્તરે ભાગ લઈ ૦૧ સિલ્વર મેડલ તથા ૦૩ બ્રોન્ઝ મેડલ્સ તેમજ રાજ્યસ્તરે ૦૭ ગોલ્ડ મેડલ્સ તથા ૧૦ સિલ્વર મેડલ્સ મળી કુલ ૨૧ મેડલ, ઉપરાંત ખેલમહાકુંભમાં ૦૫ ગોલ્ડ મેડલ્સ તથા ૦૩ બ્રોન્ઝ મેડલ્સ મેળવ્યાં છે. આમ રાષ્ટ્રીય સ્તરે કુલ ૦૪ મેડલ, રાજ્યસ્તરે કુલ ૧૭ મેડલ તથા ખેલમહાકુંભમાં કુલ ૦૮ મેડલો સહિત કુલ ૨૯ મેડલ મેળવેલ છે. આમ, રાષ્ટ્રીય-રાજ્યસ્તરે યોજાયેલ રેસલીંગ અંગેની વિવિધ ઈવેન્ટમાં ભાગ લઈ સિદ્ધિઓ તથા વિશિષ્ટ સિદ્ધિ મેળવી છે.

તદુપરાંત ગુજરાત રાજ્ય પોલીસ પ્રભાગના ઈતિહાસમાં રેસલીંગ ક્ષેત્રે એકમાત્ર મહિલા રેસલર તરીકે એવોર્ડ મેળવી રાજ્ય પોલીસ પ્રભાગનું નામ ઉજ્જવળ કરનાર પ્રથમ પોલીસ મહિલા કર્મચારી છે. તેઓ ભારત સરકારના સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (સાઈ), પટીયાલા ખાતે રેસલીંગ (કુસ્તી)ના અધિકૃત કોચ તરીકે વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન ડિપ્લોમા ઈન સ્પોર્ટ્સ કોચિંગ એનઆઈએસ રેસલિંગ તાલીમ કોર્ષ કરી, દ્વિતિય ક્રમાંક પ્રાપ્ત કરનાર રાજયના એકમાત્ર મહિલા પોલીસ કર્મચારી છે. તેઓ આગામી વર્ષમાં યુ.કે. ખાતે યોજાનાર ઈન્ટરનેશનલ પાવરલીફટીંગ સ્પર્ધામાં ભાગ લેવા જવાના છે. હાલ તેઓ પાવરલીફટીંગ માટે પેરા ઓલમ્પીક તથા કોમનવેલ્થમાં ભારત તરફથી મેડલ મેળવનાર રાજેન્દ્રસિંગ રહેલુ, સચિન ચૌધરી તથા જીજ્ઞેશ મોદી પાસેથી તેમજ આર્મ રેસલીંગમાં વર્લ્ડ આર્મ રેસલીંગ ચેમ્પિયન રહેલ હરીશ વર્મા પાસે કોચીંગ મેળવી

# સાઈમાં કોચ-ખેલાડી વચ્ચે સર્જાયેલા ઘર્ષણ પાછળ દારૂનું દૂષણ જવાબદાર

**સાઇ કેમ્પસમાં ચર્ચાએ જોર પકડ્યું : અગાઉ પણ સાઇ કેમ્પસમાં દારૂના દૂષણ હોવાનું ચર્ચાસ્પદ બની ચુક્યું છે**

ગાંધીનગર, તા. ૦૬

ગાંધીનગરના સે.૧૫ ખાતેના સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સંકુલને વડાપ્રધાન દ્વારા પેરાઓલિમ્પિક રમતોના એકસલન્સ સેન્ટર તરીકે વિકસાવવાની નેમ છે પરંતુ એવું લાગે છે કે અહીં કેમ્પસમાં પ્રસરેલું નશાખોરીનું દૂષણ વડાપ્રધાનનું આ સપનું પુરુ થવા દેશે નહીં. તાજેતરમાં જ પેરાએથ્લેટિક કોચ અને ખેલાડી વચ્ચે ઘર્ષણની બનેલી બનેલી એક ઘટનામાં થયેલી પોલીસ ફરિયાદમાં દર્શાવાયું નથી પરંતુ ઘટનાના મૂળમાં પણ આ બાબત હોવાનું સમગ્ર કેમ્પસમાં ચર્ચાઇ રહ્યું છે અને સમગ્ર મામલાં મૂળ વાત પર ઢાંક પિછોડો કરાયો હોવાની પ્રબળ શક્યતા છે. જે કોચ અને ખેલાડી વચ્ચે પહેલેથી મનમેળ નથી તેવું સુત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે અને આ ઘટના સર્જાઇ તે બંને અગાઉ એશિયાના એક આરબ દેશ ખાતે પણ યોજાયેલી એક સ્પોર્ટ્સ ઈવેન્ટમાં બાખડી ચુક્યાં હોવાનું પણ જાણવા મળ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે સાઇ કેમ્પસમાં પરપ્રાંતિય ખેલાડીઓ અને કોચની સંખ્યા વધુ રહેતી હોવાથી દારૂનું દૂષણ હોવાની બાબત વારંવાર ચર્ચાસ્પદ બનતી રહે છે

અને કેટલાંક વર્ષ પહેલાં સે.૧૫ના ફતેપુરા તરફના સાઈના ગેટ પાસેથી ફેંકી દેવાયેલી વિદેશી દારૂની ખાલી બોટલોના જથ્થાની ઘટના પણ ઘણી ચર્ચાસ્પદ બની હતી જેમાં યેનકેન પ્રકારે ભીનું સંકેલી લેવામાં આવ્યું હતું. જો સાઈ કેમ્પસમાં દારૂના દૂષણ પર નિયંત્રણ સાધવામાં આવે તો તેમાં તાલીમ લઇ રહેલા પ્રતિભાશાળી ખેલાડીઓ દેશનું નામ જરૂર રોશન કરી શકે તેમ છે.



ફાગણ સુદ પૂમને ઠેર ઠેર મેળા અને ઉત્સવો યોજાય છે. મંદિરોમાં સાજ-શણગાર કરવામાં આવે છે. શહેરના સુપ્રસિદ્ધ પંચદેવ મંદિર ખાતે ફાગણ સુદ પૂનમ નિમિત્તે વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો.

## ગુજરાતમાં પુનઃપ્રાપ્ય ઉર્જાની સ્થાપિત ક્ષમતા ૧૮,૭૬૪.૪૦ મેગાવોટ સાથે દેશમાં મોખરે

ગાંધીનગર,તા.૬

કલાઈમેટ ચેન્જ રાજય મંત્રી મુકેશ પટેલે જણાવ્યું છે કે, પર્યાવરણના જતનની સાથે ઉર્જાનું ઉત્પાદન થાય એ આશયથી રાજય સરકારે પુનઃપ્રાપ્ય ઉર્જાને પ્રાધાન્ય આપીને સમયબદ્ધ આયોજન કર્યું છે. જેને પરિણામે રાજયની પુનઃપ્રાપ્ય ઉર્જાની સ્થાપિત ક્ષમતા ૧૮૭૬૨.૪૦ મેગાવોટ સાથે દેશમાં મોખરે છે. દેશની સરખામણીએ ૧૫.૩ ટકા જેટલી છે. તેમણે ઉમેર્યું કે, રાજયની પુનઃપ્રાપ્ય ઉર્જા ની સ્થાપિત ક્ષમતાની ટકાવારી પૈકી પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા ૫૨ ટકા અને સૌરઊર્જા ૪૬ ટકા જેટલી ક્ષમતા રાજયમાં છે. આજે વિધાનસભા ખાતે રાજયની પુનઃપ્રાપ્ય ઉર્જાની સ્થાપિત ક્ષમતા પ્રત્યુતરમાં મંત્રીએ ઉમેર્યું છે કે, રાજયમાં પુનઃપ્રાપ્ય ઉર્જા સ્રોત અંતર્ગત પવન ઉર્જા પ્રોજેક્ટ હેઠળ ૯૭૧૨.૦૬ મેગાવોટ, સૌર ઊર્જા પ્રોજેક્ટ હેઠળ ૮૬૪૦ મેગાવોટ, વિન્ડ સોલાર હાઈબ્રીડમાં ૨૩૮.૯૪ મેગાવોટ, બાયો માસમાં ૮૧.૫૫ મેગાવોટ, સ્મોલ હાઈડ્રો પાવરમાં ૮૨.૧૫ મેગાવોટ અને વેસ્ટ ૩ એનર્જીમાં ૭..૫૦ મેગાવોટ મળી કુલ ૧૮,૭૬૪.૪ ક્ષમતા રાજયમાં ઉપલબ્ધ છે. મંત્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી અભિગમ થકી કેન્દ્ર સરકાર દ્વારા પંચામૃત સંકલ્પના આધારે પુનઃપ્રાપ્ય ઉર્જાને પ્રોત્સાહન આપવામાં આવે છે. ભારત વર્ષ ૨૦૩૦ સુધીમાં પુનઃપ્રાપ્ય ઉર્જા મારફતે ૫૦૦ ગીગા વોટની સ્થાપિત ક્ષમતા હાંસલ કરશે. તે પૈકી ગુજરાતે વિવિધ તબક્કાવાર અંદાજિત ૯૦ થી વધુ ગીગાવોટની ક્ષમતા હાંસલ કરવાનો લક્ષ્ય છે. ઉપરાંત ભારતે વીજ ઉર્જાની જરૂરિયાત માટે કુલ સ્થાપિત ક્ષમતા પૈકીના ૫૦% સ્થાપિત ક્ષમતા પુનઃ પ્રાપ્ય ઉર્જા મારફતે પૂર્ણ કરાશે. જેમાં ગુજરાત પણ વર્ષ ૨૦૩૦ સુધીમાં આ લક્ષ્યાંક પૂર્ણ કરશે.

**પેપરલીક કરનારને ૧ કરોડ સુધીનો દંડ**

# દંડની રકમ ચુકવવામાં ચૂક થાય તો ફોજદારી કાર્યવાહી થશે

ગાંધીનગર,તા.૬

ગુજરાતમાં પરીક્ષામાં થતી ગેરરીતિ અટકાવવા માટે કાયદાને મંજૂરી મળી ગઈ છે. ત્યારે ગુજરાત જાહેર પરીક્ષા ગેરરીતિ અટકાવવા કાયદાને રાજ્યપાલની મંજૂરી માટે મોકલવામાં આવ્યું હતું. ત્યારે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે સહી કરીને બિલ સરકારને મોકલ્યું છે. ત્યારે રાજ્યમાં આજથી કાયદો અમલી બન્યો છે. ૨૩ ફેબ્રુઆરીએ વિધાનસભા ગૃહમાં બિલ સર્વાનુંમતે પસાર થયું હતું.

ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા ગૃહમાં પરીક્ષા વિધેયક બિલ રજૂ કરવામાં આવ્યું હતું. જેને સર્વ સંમતિ સાથે મંજૂરી મળી ગઈ છે. ત્યારે આ બાબતે હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે આ બિલમાં કોઈપણ પ્રકારની ક્ષતિ, ભૂલ રહી ગઈ હોય તે સૂચન મોકલજો. તેમજ હું તમામ લોકોના સૂચન અને ટીકા સાંભળવા તૈયાર છું. ગુજરાતની સરકાર, વિપક્ષે મહદઅંશે તમામ કલમોનું સમર્થન કર્યું છે. વિપક્ષના સભ્યોએ મુદ્દો સૂચવ્યો તેને સરકારે ધ્યાને લીધો. તેમજ ધો.૧૦-૧૨ ના વિદ્યાર્થીઓ મુદ્દેના વિપક્ષના સૂચન પર તાત્કાલીક સુધારો કર્યો છે. વિપક્ષના સદસ્યોના તમામ પ્રશ્નનાં જવાબ આપવામાં આવ્યા છે.વધુમાં તેમણે જણાવ્યું હતું કે વિધાનસભાની કામગીરી ઈતિહાસમાં લખાશે. ગુજરાતના યુવાનોના ભવિષ્ય માટે આ મહત્વનું પગલું છે. અત્યાર સુધી પેપર ફોડનારાઓ કોઈને કોઈ છટકબારીઓ કરતા હતા. ગુજરાતની ધરતી પર હવે કોઈ પરીક્ષાર્થી ભૂલ કરશે તો છટકબારી નહી મળે. કોઈએ શોર્ટ કટ પકડ્યો તો જીવનભર પરીક્ષા આપી નહી શકે. આ કાયદો અસ્તિત્વમાં આવે પછી જ બીજી પરીક્ષાઓ લેવાશે અને આ કાયદો જલ્દીથી જલ્દી લાગુ થશે. આ કાયદા માટે સરકાર ખૂબ જ ગંભીરતાથી કામ કરી રહી છે. બંધારણ પ્રમાણે જુના કેસોને આ કાયદા અંતર્ગત લાવી નહી શકાય. આવનારી પંચાયતની પરીક્ષા માટે હસમુખ પટેલને નિરીક્ષણની જવાબદારી સોંપવામાં આવી છે. જેથી કોઈપણ વિદ્યાર્થી લેભાગુ શખ્સોનાં વિશ્વાસમાં ન આવે. આ કાયદામાં કોઈ છટકબારી રાખવામાં આવી નથી.ભૂપેન્દ્ર પટેલ સરકાર વિદ્યાર્થીઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાના સ્પર્ધકોના ભાવિ સાથેચેડા કરનારા વિરુદ્ધ કડક કાયદો બનાવ્યો. જેનુંગત ૧૬ ફેબ્રુઆરીએવિધાનસભા ગૃહમાં રજૂ કરાયું હતું. જાહેર પરીક્ષા અધિનિયમબિલની કોપી ધારાસભ્યોને આપવામાં આવી હતી.